દાખલ તારીખ : ૨૭/૧૨/૨૦૧૮
નોંધ્યા તારીખ : ૨૭/૧૨/૨૦૧૮
ફેંસલ તારીખ : ૦૭/૦૩/૨૦૨૬
સમયગાળો : વર્ષ–માસ–દિવસ
**૦૭ –૦૨ – ૦૮**

# <u>રાધનપુર ના એડી. ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ શ્રી ની કોર્ટ માં. રાધનપુર</u>

ફોજદારી કેસ નં.૯૩૭/૨૦૧૮
આંક : ૪૫

**ફરીયાદી :** શ્રી સરકાર

**વિરૂધ્ધ**

**આરોપી :** (૧) આચર હરેશભાઈ રાયમલભાઈ, ઉ.વ.૨૨,
રહે.જાખેલ, તા.સમી, જી.પાટણ.

(૨) સાધુ (રામાનંદી) આત્મારામ ઈશ્વરભાઈ, ઉ.વ.૪૫,
રહે.સલી, તા.પાટડી, જી.સુરેન્દ્રનગર.

(૩) સિન્ધી (ડફેર) સદામ ઉર્ફે સદીયો અલુભાઈ સાબુભાઈ, ઉ.વ.૨૮,
રહે.અદગામ, તા.સમી, જી.પાટણ.

**<u>ગુનો : ઈ.પી.કોડની કલમ–૩૬૫, ૩૨૩, ૧૧૪ તથા જી.પી. એકટની કલમ–૧૩૫ મુજબ</u>.**

ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી. કુ.ટી.એલ.કુરેશી
આરોપીઓ તરફે વિ.વકીલશ્રી એલ.પી.ઠાકોર

## <u>ઠરાવ</u>

**(૧)** આ કામે ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ ફરીયાદી સાથે ગઈ તા.૧૩/૧૨/૨૦૧૬ ના રોજ કલાક ૧૪:૦૦ વાગે ગોતરકા મુકામે આરોપી નં.૧ તથા ફરીયાદી ગાડીઓની લે–વેંચના ધંધામાં પૈસાના કારણે બોલાચાલી અગાઉ થયેલ તેની અદાવત રાખી ફરીયાદીને આરોપી નં.૩ નાએ ખભાના ભાગે ટોમીથી માર મારી તથા આરોપી નં.૧ નાએ હથેળીના ભાગે ધોકાથી માર મારી ફરીયાદીને ફરીયાદીની બોલેરો ગાડી નં. જી.જે.૧.એચ.એસ ૨૦૮૧ માં નાખી અપહરણ કરી લઈ જઈ જાખેલ મુકામે ઉતારી ગડદાપાટુનો માર મારી ગુનો કરવામાં એકબીજાને મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી.સાહેબશ્રી, પાટણના

